**ઇ-ગોલ્ડ ભારતીય કાયદાનો ભંગ કરે છે**
**આરબીઆઇ**

**21 ઓક્ટોબર , 2002**

આથી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા જાહેર કરે છે કે, લોકોના મનમાં અમુક એજન્સીઝ અને માણસોએ ઇ-ગોલ્ડ સંબંધિત ગેરમાન્યતા ફેલાવી છે. ઇ-ગોલ્ડ ઇલેકટ્રોનિક કરન્સી ગણાવી તેને ભારતમાં છૂટથી મંજૂરી મી હોવાની તેમજ તે ફોરેન કરન્સી હોવાની ખોટી છાપ ઊભી કરવામાં આવી છે. રિઝર્વ બેંકને આ બાબત તાજેતરમાં જ અખબાર સાથે આવેલા એક પેમ્પલેટ મારફત જાણવા મી, જેમાં જણાવવામાં આવ્યું છે કે ઇ-ગોલ્ડ બિનનિવાસી ભારતીયો ભારતમાં વળતર રૃપે મોકલાવે છે.

ધ રિઝર્વ બેંક લોકોની જાણકારી માટે ચોખવટ કરે છે કે, ઇ-ગોલ્ડ કોઇપણ રાજ્યનું ચલણી નથી. કોઇપણ વિનિમયમાં ઇ-ગોલ્ડ નો ઉપયોગ કરવો તે વર્તમાન ભારતીય નિયમનો ભંગ ગણાય. જગ્યા, બેંકો, મની ચેન્જર્સ અને અન્ય નાણાંકીય સંસ્થાઓ ઇ-ગોલ્ડ નો ચલણી તરીકે ઉપયોગ ન થાય તે અંગે સાવચેત રહે.

**અલ્પના કિલ્લાવાલા**

**મહા પ્રબંધક**

**પ્રેસ રિલીઝ : 2002-03/409**